GJJN210001992022

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૩ / ૧૨ / ૨૦૨૦ | | |
| નોંધણી તારીખ | ૦૩ / ૧૨ / ૨૦૨૦ | | |
| **ફેંસલ તારીખ** | **૦૯ / ૦૬ / ૨૦૨૬** | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૫ | ૦૬ | ૦૬ |

**આંક :** ______

**કેશોદના નામદાર સ્પેશ્યલ જજ (પોકસો) તથા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કેશોદ, જી.જુનાગઢ.**

**સ્પેશ્યલ (પોકસો) કેસ નં. ૨૧ / ૨૦૨૨**

જુના સ્પેશ્યલ(પોકસો) કેસ નં.૮૨/૨૦ (જુનાગઢ)

કેશોદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૦૨૦૧૪૯૬/૨૦

ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૭ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫) મુજબ

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર,<br>મૂળ ફરીયાદી : શિલ્પાબેન W/o. મનહરભાઈ ઉર્ફે મનોજભાઈ કાથડ, રહે.ગોકુલનગર, કેશોદ. |
| ફરીયાદ પક્ષ તરફે | વિધ્વાન પી.પી. શ્રી એન. કે. પુરોહિત |
| આરોપી પક્ષ | (૧) રવિભાઈ નટવરલાલ ઉર્ફે નરેન્દ્રભાઈ મહેતા, ઉ.વ. : ૨૮, ધંધો : પ્રા.નોકરી,<br>(૨) રૂપાલીબેન ઉર્ફે રીદ્ધીબેન W/o. રવિભાઈ નટવરલાલ મહેતા, ઉ.વ. : ૨૩, ધંધો : ઘરકામ,<br>બન્ને રહે.નવલખી ફાટક, હીરાભાઈ બોરીચાના મકાનમાં, મોરબી,<br>મુળ રહે.માંગરોળ રોડ, પીપલીયા નગર, કેશોદ. |
| આરોપી પક્ષ તરફે | વિધ્વાન વકીલ શ્રી ડી. વી. બસીયા |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧/૧૦/૨૦૨૦ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૧/૧૦/૨૦૨૦ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૨૫/૧૧/૨૦૨૦ |
| તહોમતનામાની તારીખ | ૨૫/૦૭/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬/૧૦/૨૦૨૫ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૦૯/૦૬/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૯/૦૬/૨૦૨૬ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ? | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧)<br>૨) | રવિભાઈ નટવરલાલ ઉર્ફે નરેન્દ્રભાઈ મહેતા<br>રૂપાલીબેન ઉર્ફે રીધ્ધીબેન W/o. રવિભાઈ નટવરલાલ મહેતા | ૨૮/૧૦/૨૦ | ૦૯/૧૧/૨૦ | ઈ.પી.કો.કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૭ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫) | છોડી મુકયા | –– | |

## –:: ચૂ કા દો ::–

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૮, ૧૭ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫) મુજબનું ચાર્જશીટ કેશોદ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ની સગીર વયની દિકરી ભોગ બનનાર 'એફ' તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ'ને હાલની ફરીયાદ અગાઉ આશરે છ માસથી પ્રેમ સબંધ હોય અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ'એ ભોગ બનનાર સાથે અલગ–અલગ દિવસોએ ભોગ બનનારના રહેણાંક મકાનના ઉપરના રૂમમાં ચારેક વખત શરીર સબંધ બાંધેલ, તેઓ બન્નેના પ્રેમ સબંધની જાણ ભોગ બનનારના ઘરના સભ્યોને થઈ

જતાં અને ભોગ બનનારની સગાઈ બીજે કરી દેવાનું નકકી કરતાં, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ' તથા ભોગ બનનારે અગાઉથી નકકી કર્યા મુજબ હાલના આરોપીઓ કે જેઓ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ'ના બહેન–બનેવી થતા હોય, ભોગ બનનારને તેમના ઘરે મોરબી મુકામે મોકલી આપવાનું નકકી કરી અને તેમાં હાલના આરોપીઓએ સહકાર આપેલ હોય અને તેના નકકી કર્યા મુજબ તા.૧૧–૧૦–૨૦૨૦ના રોજ સવારે ભોગ બનનારે પોતાના ઘરેથી કોઈને કહયા વગર નિકળી ગયેલ અને જુનાગઢ ગયેલ, ત્યાં હાલના આરોપીઓએ જુનાગઢ મધુરમ બાયપાસ આવીને ભોગ બનનારને તેની મોટર સાઈકલમાં બેસાડી ભોગ બનનારના વાલીની સંમતી વગર તેમજ ભોગ બનનાર અનુસુચિત જાતિની અને સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને આરોપીઓએ મોરબી ખાતે પોતાના ઘરે લઈ જઈ મદદગારી કરી ગુન્હો કરેલ.

(૩) આ કામે ફરીયાદીની ફરીયાદ અન્વયે પોલીસ ધ્વારા તપાસની કાર્યવાહી કર્યા બાદ હાલના આરોપી વિરૂધ્ધ સદર ગુન્હા અંગેનું ચાર્જશીટ જે તે સમયના નિયમો/હકુમત અનુસાર જુનાગઢની નામદાર સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ, જે જુનાગઢ મુકામે સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૮૨/૨૦૨૦ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યારબાદ સદર કામ જુનાગઢ થી અત્રે કેશોદ મુકામે તબદીલ થઈ આવતાં, અત્રે સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૨૧/૨૦૨૨ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. ત્યારબાદ સદર ગુનાના કામે આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલી છે અને આરોપીઓ સામે આંક–૧૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૭ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫) મુજબના ગુન્હા સબબ તહોમતનામું ફરમાવી, તથા આંક–૧૭ અને ૧૮ થી આરોપીઓની પ્લી લેતાં, તેમાં આરોપીઓએ ગુનાની કબુલાત કરેલ નથી, તેથી આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ

છે.

(૪) આ કેસમાં ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના સાહેદોના મૌખિક પુરાવા નોંધવામાં આવેલા છે, તેમજ ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| અ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી શિલ્પાબેન મનહરભાઈની જુબાની | ૨૭ |
| ૨ | ભોગ બનનાર 'એફ' D/o. મનોજભાઈ કાથડની જુબાની | ૩૦ |
| ૩ | સાહેદ જીવાભાઈ કાનાભાઈ કાથડની જુબાની | ૩૪ |
| ૪ | ત.ક.અધિકારી જયવિર ભવાનીદાન ગઢવીની જુબાની | ૬૭ |
| ૫ | ત.ક.અધિકારી હિંગોળદાન સુરસંગભાઈ રત્નુની જુબાની | ૭૬ |

**(બ) દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૮ |
| ૨ | ભોગ બનનારના આધાર કાર્ડની નકલ | ૩૧ |
| ૩ | ભોગ બનનારના પાન કાર્ડની નકલ | ૩૨ |
| ૪ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૩૩ |
| ૫ | ગુન્હો રજીસ્ટર કરવા અંગેનો રીપોર્ટ | ૩૬ |
| ૬ | ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૩૭ |
| ૭ | ભોગ બનનારના જાતિ અંગેના પ્રમાણપત્રની નકલ | ૩૮ |

| | | |
|---|---|---|
| ૮ | ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની નકલ | ૩૯ |
| ૯ | ભોગ બનનારના આધાર કાર્ડની નકલ | ૪૦ |
| ૧૦ | તપાસ સોંપણી યાદી | ૪૧ |
| ૧૩ | તપાસમાં જવા મંજુરી માંગ્યાનો રીપોર્ટ | ૪૨ |
| ૧૪ | મોરબી ખાતે સ્ટે.ડાયરીમાં નોંધ થવા કરેલ રીપોર્ટની નકલ | ૪૩ |
| ૧૫ | કલમ ઉમેરાનો રીપોર્ટ | ૪૪ |
| ૧૬ | આગળની તપાસ થવા બાબતે કરેલ રીપોર્ટ | ૪૫ |
| ૧૭ | તપાસ સોંપણી હુકમ | ૪૬ |
| ૧૮ | તપાસ સોંપણી બાબતે રીપોર્ટ | ૪૭ |
| ૧૯ | બનાવ વાળી જગ્યાનું પંચનામું | ૪૮ |
| ૨૦ | ભોગ બનનારની મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી | ૪૯ |
| ૨૧ | ભોગ બનનારનો મેડીકોલીગલ એકઝામીનેશન રીપોર્ટ | ૫૦ |
| ૨૨ | ભોગ બનનારના સેમ્પલ મોકલ્યાની તબીબી યાદી | ૫૧ |
| ૨૩ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૫૨ |
| ૨૪ | હાલના આરોપીઓને અટક કર્યાનું પંચનામું | ૫૩ |
| ૨૫ | બનાવ વાળી જગ્યાએ એફ.એસ.એલ. મોકલવા બાબતે ત.ક.અધિકારીનો રીપોર્ટ | ૫૪ |
| ૨૬ | એફ.એસ.એલ.નો સ્થળ પરિક્ષણ અહેવાલ | ૫૫ |
| ૨૭ | ડીસ્કવરી પંચનામું | ૫૬ |
| ૨૮ | મેડીકલ સેમ્પલ મેળવવા બાબતે ત.ક.અધિકારી એ કરેલ યાદી | ૫૭ |
| ૨૯ | કલમ ઉમેરાનો રીપોર્ટ | ૫૮ |

| | | |
|---|---|---|
| ૩૦ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા બાબતે કરેલ પોલીસ યાદી | ૫૯,૬૦ |
| ૩૧ | મુદ્દામાલ રવાનગી યાદી | ૬૧ |
| ૩૨ | એફ.એસ.એલ.ની પહોંચ | ૬૨ |
| ૩૩ | મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ મોકલ્યાનો એફ.એસ. એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૬૩ |
| ૩૪ | એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અહેવાલ | ૬૪ |
| ૩૫ | એફ.આઈ.આર.ની ખરીનકલ | ૬૫ |
| ૩૬ | સ્ટેશન ડાયરીની ખરીનકલ | ૬૬ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આંક–૭૭ થી રજુ કરેલી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન પ્રશ્નોત્તરી સ્વરૂપે નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની વિરૂધ્ધના ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે, તેમજ તેઓએ પોતાના બચાવમાં સોગંદ ઉપર પુરાવો આપવા કે બચાવના સાહેદો તપાસવા ઈન્કાર કરેલ છે, તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ છે, તેઓને છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી એન. કે. પુરોહિત તથા બચાવ પક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી ડી. વી. બસીયાની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકત જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર 'એફ' તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ'ને હાલની ફરીયાદ અગાઉ આશરે છ માસથી પ્રે મ સબંધ હોય અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ'એ ભોગ બનનાર સાથે અલગ–અલગ દિવસોએ ભોગ બનનારના રહેણાંક મકાનના ઉપરના રૂમમાં ચારેક વખત શરીર સબંધ બાંધેલ, તેઓ બન્નેના પ્રેમ સબંધની જાણ ભોગ બનનારના ઘરના સભ્યોને થઈ જતાં અને ભોગ બનનારની સગાઈ બીજે કરી દેવાનું નકકી કરતાં, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ' તથા ભોગ બનનારે અગાઉથી નકકી કર્યા મુજબ હાલના આરોપીઓ કે જેઓ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ'ના બહેન–બનેવી થતા હોય, ભોગ બનનારને તેમના ઘરે મોરબી મુકામે મોકલી આપવાનું નકકી કરી અને તેમાં હાલના આરોપીઓએ સહકાર આપેલ હોય અને તેના નકકી કર્યા મુજબ તા.૧૧–૧૦–૨૦૨૦ના રોજ સવારે ભોગ બનનારે પોતાના ઘરેથી કોઈને કહયા વગર નિકળી ગયેલ અને જુનાગઢ ગયેલ, ત્યાં હાલના આરોપીઓએ જુનાગઢ મધુરમ બાયપાસ આવીને ભોગ બનનારને તેની મોટર સાઈકલમાં બેસાડી ભોગ બનનારના વાલીની સંમતી વગર તેમજ ભોગ બનનાર અનુસુચિત જાતિની અને સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને આરોપીઓએ મોરબી ખાતે પોતાના ઘરે લઈ જઈ મદદગારી

કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૭ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે :

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

**મુદ્દા નં.૧ :**

(૯) બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા તથા બંને પક્ષની મૌખિક દલીલો સાંભળી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, ભોગ બનનાર સગીર વયની છે તેમ દર્શાવવા આ કામે ફરીયાદ પક્ષે આંક–૩૯ થી ભોગ બનનારની જન્મ તારીખનો દાખલો રજુ કરવામાં આવેલ છે, જેમાં ભોગ બનનારની જન્મ તા.૦૯–૦૯–૨૦૦૩ દર્શાવેલ છે. બનાવ વખતે ફરીયાદમાં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ હોવાનું જણાવેલ છે. વધુમાં ભોગ બનનારનું આંક–૫૦નું તબીબી પ્રમાણપત્ર જોતાં, તેમાં પણ ભોગ બનનારની ઉંમર તપાસણી વખતે ૧૮ વર્ષની જણાવેલ છે, તેમજ અન્ય તપાસવામાં આવેલ સાહેદોના પુરાવામાં તથા એફ.આઈ.આર.માં પણ ભોગ

બનનારની ઉંમર ફરીયાદ આપતી વખતે તથા તપાસણી વખતે ૧૭ વર્ષ હોવાનું જણાવેલ છે, જે જોતાં પણ ભોગ બનનારની ઉંમર બનાવ વખતે ૧૭ વર્ષ હોવાનું જણાઈ આવે છે. કાયદાની જોગવાઈ અનુસાર ભોગ બનનાર સગીર ન હતા તેવું પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષે રહેલ છે, પરંતુ આરોપી પક્ષ તરફથી ભોગ બનનાર સગીર ન હતા તેવું પુરવાર કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી, કે તેવો કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયેના વિશેષ નિવેદનમાં પણ આ અંગે કોઈ રજુઆત થયેલ નથી. વધુમાં, **બલબીરસીંગ વિરૂધ્ધ હરીયાણા રાજય (૧૯૮૫) ૧, ક્રાઈમ્સ, પેજ-૪૧૭**માં નામદાર વડી અદાલતે આપેલ આદેશ અનુસાર કે જયારે ભોગ બનનારના સગીરા છે કે કેમ? તે નકકી કરવાનું હોય, ત્યારે અદાલતે માત્ર જન્મ પ્રમાણપત્ર નહીં,પરંતુ મેડિકલ પુરાવાને પણ ઘ્યાનમાં લેવો જોઈએ. ઉપરોકત ચૂકાદાને સંપુર્ણ માન અને આદર સહિત મુદ્દા નં.૧ સાથે સાંકળતા, આંક-૩૯ થી રજુ જન્મ તારીખનું પ્રમાણપત્ર તથા આંક-૫૦ નું તબીબી પ્રમાણપત્ર ઘ્યાને લેતાં, ભોગ બનનાર સગીરા છે અને તેની ઉંમર બનાવ સમયે ૧૭ વર્ષની છે અને તેના આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :**

(૧૦) રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ઘ્યાનમાં લેવામાં આવે તો, સૌપ્રથમ સદર કામે ફરીયાદ પક્ષે આ કામના મૂળ ફરીયાદી શિલ્પાબેન મનહરભાઈને આંક-૨૭ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,તેઓ કેશોદ મુકામે ગોકુલનગર વિસ્તારમાં તેમના પરિવાર સાથે રહે છે, તેમને સંતાન માં એક દિકરો અને બે દિકરી છે, જેમાં સૌથી મોટી ભોગ બનનાર 'એફ', તેનાથી નાની દિકરી હેતલ, તેનાથી નાનો દિકરો શિવ છે. તેમની ભોગ બનનાર દિકરી 'એફ' નાનપણથી તેમના માતા-પિતાના ઘરે કેશોદ તાલુકાના

બાવાના પીપળી રહેતી હતી. બનાવના દિવસે સવારના ૯:૦૦ વાગ્યે તેઓ તેમના ઘરે હતા ત્યારે તેમની નાની દિકરી હેતલ તેમની પાસે આવેલ અને ભોગ બનનાર બાબતે પુછેલ, તો કહેલ કે, અહીં આવેલ નથી. તેઓ તેમના માતા-પિતાના ઘરે ગયેલ ત્યારે ત્યા તેના માતા હંસાબેન તથા ભાભી સુમીતાબેન હાજર હતા અને તેઓએ તેમના પિતાના ઘરે જઈ ભોગબનનાર દિકરી 'એફ' બાબતે પુછેલ, તો તેમની માતાએ તેમને વાત કરેલ કે, ભોગ બનનારે શેમ્પુ લેવા જવાનું કહી પરત આવેલ નથી. જેથી તેઓએ આજુબાજુ તપાસ કરતા ભોગ બનનાર 'એફ' કયાય મળેલ નહીં. જેથી શંકા ગયેલ કે, તેમની સગીર ભોગ બનનાર દિકરીને કોઈ અપહરણ કરીને લઈ ગયેલ હશે. જેથી તેઓ તેમના પરિવાર સાથે કેશોદ પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા આવેલ, તેમના જણાવ્યા મુજબ પોલીસે ફરીયાદ લખી લીધેલ, ફરીયાદ નોંધી લીધા બાદ તે ફરીયાદ તેઓને વાંચી સંભળાવેલ, તે ફરીયાદમાં તેમના અંગુઠાનું નિશાન લેવામાં આવેલ. જે ફરીયાદ તેઓએ આંક-૨૮ થી રજુ રાખેલ છે.

સદર ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, હાલ તેમની ભોગ બનનાર દિકરી 'એફ' ગર્ભવતી છે અને તેના લગ્ન તેમની જ્ઞાતિના રીવાજ મુજબ અજય રાઠોડ સુરત ખાતે થયેલ છે અને હાલ તેમની ભોગ બનનાર દિકરીને ૬/૭ માસનો ગર્ભ છે અને સુરત મુકામે છે. વધુમાં જણાવેલ છે કે, એવું બનેલ નહીં કે, તેમની દિકરીને કોઈ સાથે પ્રેમ સબંધ હોય અને તે તેની સાથે ફોનમાં વાતો કરતી અને તેઓને મોરબી જવાનું હોય અને ભોગ બનનારે તેમને રાજકોટ જવાનું કહેલ હોય, ત્યારબાદ તેઓએ તેની સગાઈ કરી નાખેલ હોય, અને તેમના જમાઈએ મોબાઈલમાંથી તેમને ફોન કરેલ હોય અને આ બનાવ અગાઉ ભોગ બનનાર 'એફ'એ ફીનાઈલ પીધેલ હોય, જેથી તેઓને 'એસ'(કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર) ઉપર શંકા ગયેલ હોય કે, તે અપહરણ કરી લઈ ગયેલ હશે. પોલીસે તેમની પુછપરછ કરી ફરીયાદ બાદ નિવેદન નોંધેલ.

આમ, સદર ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ફરીયાદીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ફરીયાદીએ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓને ભોગ બનનાર સાથે ઝઘડો થતા તે રીસાઈને તેના માસીને ત્યાં જતી રહેલ, તેમની ભોગ બનનાર દિકરીને બળજબરીથી ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી, પોલીસે તૈયાર લખેલ ફરીયાદમાં અંગુઠો મારવાનું કહેતા તેઓએ અંગુઠો મારેલો, ફરીયાદ પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહીં અને તેમને વાંચતા આવડતું ન હોય, તેમણે ફરીયાદ વાંચેલ નહીં, તેમજ પોલીસે તેમની ફરીયાદ લીધા બાદ તેમનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નહીં. તેમણે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓ રવિ નટવરભાઈ કે રૂપાલીબેનને ઓળખતા નથી કે તેના વિશે ભોગ બનનાર દિકરીએ વાત કરેલ હોય તેવું બનેલ નહીં, તેમજ તેમની ભોગ બનનાર દિકરીને કોઈએ લાલચ આપેલ નહીં કે તેની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધેલ નહીં, તેમજ તેમની ભોગ બનનાર દિકરી 'એફ' બનાવના અરસામાં પુખ્ત ઉંમરની હતી.

આમ, સદર ફરીયાદી સાહેદનો ઉપરોકત આંક–ર૭નો સરતપાસનો મૌખિક પુરાવો તથા આંક–ર૮ની ફરીયાદ હકીકતો જોવામાં આવે તો, મહત્વનો વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે. ફરીયાદીએ પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં આંક–ર૮ની ફરીયાદ મુજબની કે પોતાના વિશેષ નિવેદન મુજબની આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ તેઓની ભોગ બનનાર સગીર દિકરીને આરોપી

ધ્વારા લલચાવી– ફોસલાવી કે લાલચ આપી તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, કાયદાના સંઘર્ષમાં આવનાર કિશોર 'એસ'એ ભોગ બનનાર સાથે અવાર–નવાર શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. જેથી સદર ફરીયાદીના પુરાવાથી આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામની ભોગ બનનાર 'એફ' D/o. મનોજભાઈ કાથડને આંક–૩૦થી તપાસવામાં આવેલ છે, તેણી પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેણીં ૨૦૨૦ના અરસામાં કેશોદના મેઘના સોસાયટીમાં રેલ્વે ફાટક સામે છગનભાઈ ખાંટના મકાનમાં તેના પરિવાર સાથે રહેતી હતી. તેણી ધોરણ–૧૨ સુધી ભણેલ છે, તેના માતાનું નામ શિલ્પાબેન છે, ભાઈનું નામ શિવ છે અને બહેનનું નામ હેતલ છે. તેમનું મુળ ગામ માંગરોળ તાલુકાનું કારેજ છે. તેણી ૨૦૨૦ના અરસામાં કેટરીંગ ના કામે જતી હતી. તેને સાહીલ રાજેશભાઈ પરમાર સાથે પ્રેમ થઈ ગયેલ અને અવાર–નવાર તેમના લતામાં મળતા અને ફોન ઉપર વાત પણ કરતા હતા અને તેમના ઘરના સભ્યો સુઈ જતા ત્યારે આ સાહીલ તેના ઘરે આવતો અને તેઓ એકાંતમાં વાતો કરતા. તેણીનાઘરના સભ્યો ને સાહીલ અને તેણીના સબંધની જાણ થતાં, સુરતના અજય રાઠોડ(હાલના તેણીના પતિ) સાથે સગાઈ નકકી થયેલ. તેણીને અજય રાઠોડ સાથે લગ્ન કરવા ન હોય, તેણીએ સાહીલ ને મળવાનું ચાલું રાખેલ. ત્યારબાદ અજય તેમના ઘરે આવેલ ત્યારે તેણીના નાના, નાની, મમ્મીએ તેણીને સુરત ફરવા મોકલેલ, પરંતુ તેણીને સુરત જવું ન હોય, જેથી તેણીએ રાજકોટ પહોંચી સાહીલને ફોન કરતાં, સાહીલે તેને કહેલ કે, ''તું રાજકોટ ઉતરી જજે'', જેથી તેણી બસમાં રાજકોટ ઉતરી ગયેલ અને અજયે તેણી ના નાનાને ફોન કરતાં, તેના નાનાએ કહેલ કે, ''તેને એકલી ન મોકલતા, તેને કેશોદ મોકલતા'', જેથી તેણી, અજય તથા તેણીની નાની બહેન હેતલ ત્રણેય જણા રાજકોટ થી જુનાગઢ આવેલ અને જુનાગઢ સાહીલ અને જય આવેલ, ત્યાં

તેઓએ નાસ્તો પાણી કરી, ત્યાંથી તેણી, હેતલ અને અજય કેશોદ આવેલા અને ઘરે ગયેલ. ત્યાં તેણીએ સવારે એસીડ પીધેલ અને અજય રાઠોડે તેણીના મોમાં આંગળી નાંખી ઉલ્ટી કરાવેલ અને તેણી ને સારૂ થઈ જતાં, અજય સુરત જતો રહેલ. ત્યારબાદ તેણી અને સાહીલ અવાર–નવાર મળતા અને સાતમ–આઠમમાં તેણીના નાના–નાની સુઈ ગયેલ ત્યારે સાહીલ તેણીના ઘરે આવેલો અને તેણીએ તેની સાથે ઘરની છત ઉપર રૂમ છે ત્યાં પહેલી વખત શરીર સબંધ બાંધેલ અને એક–બે દિવસે તેમના ઘરે આવતો, તેણીએ તેની સાથે ચાર વખત શરીર સબંધ બાંધેલો.

સદર ભોગ બનનાર સાહેદે વધુમાં જણાવેલ છે કે, હાલના બન્ને આરોપીઓને તેણી ઓળખતી નથી અને કયારેય મળેલ પણ નથી અને તેણીને સાહીલ સાથેના સબંધોમાં હાલના આરોપી રૂપલ અને રવિએ કોઈ મદદ કરેલ હોય તેવું પણ બનેલ નથી અને તેણીને ભાગડવાનો પ્લાન પણ રૂપલ ઉર્ફે રીધ્ધી તથા રવિએ બનાવેલ હોય, તેઓ સાથે મોરબી ગયેલ હોઈએ તેવું પણ બનેલ નથી, તેણીને કોઈએ પૈસા આપેલ હોય તેવું પણ બનેલ નથી, તેણીએ આરોપી રવિને કોઈ ફોન કરેલ હોય તેવું પણ બનેલ નથી. તેણી સોમનાથ હોટલ ગયેલ હોય તેવું પણ બનેલ નથી, જુનાગઢ મધુરમ સોસાયટી બાયપાસ પર હાલના આરોપી રવિ અને રૂપલ મળેલ હોય તેવું બનેલ નથી, અને મોટર સાઈકલ ઉપર મોરબી તેના ઘરે ગયેલ હોય તેવું બનેલ નથી. પોલીસે તેની પુછપરછ કરી નિવેદનો નોંધેલ હોય તેવું બનેલ નથી. તેણીને કોર્ટ રેકર્ડમાંથી સી.આર.પી.સી. કલમ–૧૬૪નું નિવેદન, જે શીલબંધ હોય, ખોલીને બતાવતાં, તેમાં તેણી પોતાની સહી ઓળખી બતાવે છે અને જે તેણીએ જજ સાહેબ પાસે આપેલ તે જ હોવાનું ઓળખી બતાવી, આંક–૩૩ થી રજુ રાખેલ છે અને પોલીસે તેણીનું મેડીકલ કરાવેલ તેમ જણાવેલ છે.

આમ, સદર ભોગ બનનાર સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદન તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ

ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ભોગ બનનારને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેણી હાલના બન્ને આરોપીઓ વિરૂધ્ધના ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેની માતાએ કોઈ અજાણ્યા માણસો વિરૂધ્ધ ફરીયાદ આપેલ, તેણીનું કોઈએ અપહરણ કરેલ હોય કે તેણી સાથે કોઈએ દુષ્કર્મ કર્યુ હોય તેવું બનેલ નથી. તેણીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેનું નામઠામ પુછેલ, તે સિવાય બીજુ કશું પુછેલ નહીં, આ ફરીયાદ પહેલા તેણીએ પોલીસ સ્ટેશનમાં ''હું ઘરેથી રાજીખુશીથી જાઉ છું'' તેવું લખેલ ચીઠ્ઠી નાખી જતી રહેલી. તેણીએ ડોકટરને બનાવ સબંધે કોઈ હીસ્ટ્રી લખાવેલ નહીં. તેણીએ કોઈને ફોન કરી તેને તેડી જવા કહેલ હોય તેવું બનેલ નથી.

આમ, સદર ભોગ બનનાર સાહેદે પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં ફરીયાદ પક્ષના કેસ મુજબની હાલના આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને તેણી ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ તેણીને આરોપીઓ ધ્વારા લલચાવી–ફોસલાવી કે લાલચ આપી તેણીના માતા–પિતાના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી જવામાં આવેલ હોય કે હાલના આરોપીઓ ધ્વારા આક્ષેપિત ગુન્હામાં કોઈ મદદગારી કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. આમ, સદર ભોગ બનનારનો આ અદાલત સમક્ષનો સોગંદ ઉપરનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં હાલના આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૨) ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ જીવાભાઈ કાનાભાઈ કાથડને આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ કેશોદ

તાલુકાના પીપળી ગામે તેમના પરિવાર સાથે રહી મજુરી કરે છે, તેમને સંતાનમાં બે દિકરા છે, મોટો રમેશ અને નાનો મુકેશ. તેમને બે દિકરી છે, મોટી શિલ્પા છે, શિલ્પાના પતિ અવસાન પામેલ છે, શિલ્પાની દિકરી તેઓની સાથે રહે છે. એવું બનેલ નથી કે, તેમની દિકરી શિલ્પાની દિકરી 'એફ' સાથે કોઈ બનાવ બનેલ હોય અને તેની વાત કરેલ હોય અને તે બાબતની ફરીયાદ તેમની દિકરીએ આપેલ હોય અને આ બાબતે પોલીસ તેમના નિવેદન લીધેલ હોય. તેમની દિકરીની ભોગ બનનાર 'એફ'ના કોઈ સાથે સબંધ હોય અને તેની સાથે કોઈ કૃત્ય થયેલ હોય અને તેની મરજી વિરૂધ્ધ સગાઈ કરાવેલ હોય અને ભોગ બનનારને તેઓએ સુરત મોકલેલ હોય અને રસ્તામાં રાજકોટ બસ સ્ટેન્ડ ઉતરી ગયેલ હોય તેવું બનેલ નથી.

આમ, સદર સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમની દિકરીએ કોઈ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરેલી, તેમની દિકરીના સંતાનો તેમની સાથે નાનપણથી રહે છે. તેમણે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની સગાઈની વાત અજય સાથે બનાવ અગાઉ ચાલતી હતી, તેને અજય સાથે સગાઈ ન હતી કરવી જેથી તેણે એસીડ પી લીધેલ હતું, તેમજ પોલીસે તેઓનું માત્ર નામઠામ પુછેલ, તે સિવાય બીજુ કશુ પુછેલ નહીં, કે તેઓએ કાંઈ લખાવેલ નહીં.

આમ, સદર સાહેદ કે જે ભોગ બનનારના નાનાજી છે, તેઓના

ઉપરોકત સમગ્ર પુરાવાથી હાલના આરોપીઓને ગુન્હા સાથે સાંકળતી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. આ સાહેદના મૌખિક પુરાવાથી આરોપીઓએ તહોમત મુજબનો કોઈ ગુન્હો કરેલ હોય તેવું રેકર્ડ પર આવતું નથી, જેથી સદર સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થતો નથી.

(૧૩) ફરીયાદ પક્ષ તરફે આ કામના તપાસ કરનાર અમલદાર જયવિર ભવાનીદાન ગઢવીને આંક-૬૭ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ઓકટોબર-૨૦૨૦ના અરસામાં ઈ/ચા. ના.પો. અધિક્ષક, એસ.સી./એસ.ટી તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન કેશોદ પો.સ્ટે. ગુ.ર.નં.૧૪૯૬/૨૦ના કામની તપાસ, જે ના.પો.અધિક્ષક શ્રી એચ.એસ. રત્નુ ને આંક-૪૬ની યાદીથી સોંપવામાં આવેલ હતી અને શ્રી રત્નુ હકક રજા ઉપર હોય, જેનો ચાર્જ તેઓની પાસે હોય, આ કામની તપાસ તેઓને મળેલ, જેનો તેઓએ અભ્યાસ કરેલો અને તેઓએ પોતાની તપાસ દરમ્યાન તા.૨૫-૧૦- ૨૦૨૦ના રોજ આંક-૪૮ વાળું બનાવ વાળી જગ્યાનું પંચનામું પંચ પ્રકાશ ગીડા તથા બીજા પંચ મોહન પરબતની હાજરીમાં તૈયાર કરેલ, પંચનામું તૈયાર કર્યા બાદ પંચનામું પંચો ને વાંચી સંભળાવેલ અને ત્યારબાદ તે પંચનામામાં પંચોની સહી લેવામાં આવેલ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ, પંચનામાની વિગતે મુદ્દામાલ કબ્જે લેવામાં આવેલ તેમ જણાવેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે, તપાસ દરમ્યાન તેઓએ આંક -૪૯થી મેડીકલ ઓફીસર કેશોદને ભોગ બનનારનું મેડીકલ કરવા યાદી મોકલેલ, જે યાદીમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે, તેમજ આંક-૫૦ વાળું ભોગ બનનારનું મેડીકલ સર્ટી તથા આંક-૫૧ વાળું ચેકલીસ્ટ મેળવી કામમાં સામેલ રાખેલ. વધુમાં તેઓએ તેમની તપાસ દરમ્યાન તા.૨૫-૧૦-૨૦૨૦ના રોજ ફરીયાદી શીલ્પાબેન મનહરભાઈનું વિશેષ નિવેદન નોંધેલ, ભોગ બનનાર 'એફ' મનોજ ભાઈનું નિવેદન નોંધેલ, તા.૨૫-૧૦-૨૦ના રોજ જીવાભાઈ કાનાભાઈનું નિવેદન નોંધેલ, તેમજ તા.૨૫-૧૦-૨૦ના રોજ સાહેદ હંસાબેન જીવાભાઈ, તા.૨૬-૧૦-

૨૦ના રોજ સાહેદ દક્ષાબેન હરસુખભાઈ, સાહેદ હેતલબેન મનોજભાઈ, સાહેદ રીધ્ધીબેન મનસુખભાઈના નિવેદનો તેમના જણાવ્યા મુજબ નોંધી લીધેલા નોંધી લીધા બાદ તે નિવેદનો સાહેદોને વાંચી સંભળાવેલા અને વાંચી સંભળાવ્યા બાદ તે નિવેદનોમા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ હોવાનું જણાવેલ છે અને સદર નિવેદનોના કથનોને પોતાની જુબાની થકી સમર્થન આપેલ છે. વધુમાં તેઓએ તેમની તપાસ દરમ્યાન આંક–૬૦ થી નામદાર ચીફ કોર્ટકેશોદને સી.આર.પી.સી. કલમ–૧૬૪નું નિવેદન લેવા યાદી કરેલ, તે યાદીમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે.

સદર તપાસ કરનાર અમલદારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં કોઈ આરોપીના નામ જાહેર કરવામાં આવેલ ન હતા, તેમજ તેમની તપાસમા એવું ખુલેલ કે, ભોગ બનનારના નાનાજી તેની જે જગ્યાએ સગાઈ કરવા માગતા હતા તે જગ્યા ભોગ બનનારને પસંદ ન હોય, તેણી અવારનવાર ઘરેથી જતી રહેતી હતી અને આપઘાત કરવાની કોશિષ પણ કરેલી. તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસમા એવું ખુલેલ કે, ભોગ બનનાર શેમ્પુ લેવાનું બહાનુ કાઢી જાતે જતી રહેલ, તેમજ તા.૨૬–૧૦–૨૦ના રોજ ભોગ બનનારનું મેડીકલ કરાવેલું તેમાં ભોગબનનારે ડોકટર સમક્ષ એવી હીસ્ટ્રી લખાવેલ કે, ''હું મારી મરજીથી સોમનાથ હોટલેથી ભાગી ગયેલ''. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ પંચનામું પોતાની ઓફીસમાં જાતે લખી લઈ પંચોની સહી કરાવેલ અને સાહેદોના નિવેદન ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલા.

(૧૪) ફરીયાદ પક્ષ તરફે આ કામના તપાસ કરનાર અમલદાર હિંગોળદાન સુરસંગભાઈ રત્નુને આંક–૭૬ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૦માં તેઓ જુનાગઢ જીલ્લાના એસ.સી. એસ.ટી. સેલના

ડી.વાય.એસ.પી. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે કેશોદ પો.સ્ટે. ગુ.ર. નં.૧૪૯૬/૨૦૨૦, આઈ.પી.સી. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), પોકસો એકટની કલમ–૪,૮,૧૭ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫) મુજબના ગુન્હાની તપાસ કે જે અગાઉ જે.બી.ગઢવી, ડી.વાય.એસ.પી. કરી રહેલ હતા, તે ગુન્હાની તપાસ તેઓને સોપતાં, આ ગુન્હાની તપાસ તેઓએ સંભાળી લીધેલ. આ ગુન્હો સૌપ્રથમ ફરીયાદી શીલ્પા બેને પોતાની સગીર વયની પુત્રી ભોગ બનનાર 'એફ'નું કોઈ અજાણ્યા ઈસમે અપહરણ કરી ગયેલ હોવાની ફરીયાદ તા.૧૧–૧૦–૨૦ના રોજ આપેલી. જે ગુન્હાની પ્રથમ તપાસ શ્રી એમ.સી. ચુડાસમા પી.એસ.આઈ. કેશોદે કરેલ હતી, તપાસ દરમ્યાન આ ભોગ બનનાર 'એફ'ને લગ્નની લાલચ આપીને પોતાના બહેન તથા બનેવી(હાલના આરોપીઓ)ને મોરબી થી જુનાગઢ બોલાવીને ત્યાં ભોગ બનનાર 'એફ'ને જુનાગઢ મોકલી દઈ બન્ને સાથે મોબાઈલ ના સંપર્કમાં રહીને બાળ કિશોર 'એસ'નાએ મોરબી મોકલી આપેલ હોવાની વિગત તપાસ કરતી શ્રી ચુડાસમાને પ્રાપ્ત થયેલી. જેથી મોરબી ખાતેથી ભોગ બનનાર તથા બન્ને આરોપી તથા કેશોદના બાળ કિશોરને હસ્તગત કરેલ તથા ભોગ બનનાર અનુજાતીના હોય તથા તેણીની સાથે કિશોર 'એસ'નાએ શરીર સબંધ બાંધેલો હોય, એટ્રોસીટી એકટ તથા આઈ.પી.સી.ની બળાત્કારની તથા પોકસો એકટની કલમનો ઉમેરો કોર્ટ મારફતે કરી આગળની તપાસ ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી.એસ.ટી. સેલના શ્રી જે.બી. ગઢવી ડી.વાય.એસ.પી.ને સોંપેલ તેઓએ આગળની તપાસ તેઓને સોંપેલ. તેઓ વધુમાં જણાવે છે કે, તેઓએ તપાસ સંભાળી, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ'ને પોલીસ હસ્તગત કરેલ તે બાબતે પંચનામું બે પંચો ની હાજરીમાં કરી, પંચનામાની વિગતે બે મોબાઈલ ફોન તેની પાસેથી તપાસ અર્થે કબ્જે કરેલા, તે ઉપરાંત કિશોર 'એસ'ના બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે કરેલા. તેઓએ તપાસ દરમ્યાન તેમના પુરોગામી ત.ક.અ.શ્રી એન.બી.ચુડાસમા, વી.એન.હેલૈયા તથા જે.બી.ગઢવીએ કરેલા તમામ કાગળોનો

અભ્યાસ કરેલો અને તા.૨૮–૧૦–૨૦૨૦ના રોજ આરોપીઓ રવિ નટવરલાલ તથા રૂપાલી રવિનું આંક–૫૩ વાળું અટક પંચનામું પંચ અરવિંદ ભાણા તથા આશીષ ખીમજીની હાજરીમાં તૈયાર કરેલ અને તૈયાર કર્યા બાદ તે પંચનામું પંચોને વાંચી સંભળાવેલ અને પંચનામું વાંચી સંભળાવ્યા બાદ પંચોની સહી લીધેલ તેમજ રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. તપાસ દરમ્યાન તેઓએ આંક–૫૪થી બનાવવાળી જગ્યા પર એફ.એસ.એલ.ને મોકલવા પોલીસ અધિક્ષકશ્રીને યાદી કરેલ તેમજ આંક–૫૫ વાળો સ્થળ પરીક્ષણ રીપોર્ટ તૈયાર કરેલ. ત્યારબાદ આંક–૫૬ વાળું ડીસ્વકરી પંચનામું પંચ મોહન પરબત તથા પ્રકાશ હીરાની હાજરીમાં તૈયાર કરેલ અને તૈયાર કર્યા બાદ તે પંચનામું પંચોને વાંચી સંભળાવેલ અને પંચનામું વાંચી સંભળાવ્યા બાદ પંચોની સહી લીધેલ તેમજ રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. પંચનામાની વિગતે ગાદલાની ખોળ કબ્જે કરેલ. આંક– ૫૭થી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના મેડીકલ નમુના બાબતે પી.આઈ. કેશોદને યાદી કરેલ, તે યાદીમા તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં જણાવે છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન આંક–૫૮થી કલમનો ઉમેરો કરવા પોકસો કોર્ટ જુનાગઢને યાદી કરેલ, આંક–૫૯થી સી.આર.પી.સી.કલમ–૧૬૪નું નિવેદન લેવા યાદી કરેલ, આંક–૬૧ થી મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરેલ, આંક–૬૨ થી ૬૪ થી મુદ્દામાલ એફ.એસ. એલ.ને મળ્યાની પહોંચ, એફ.એસ. એલ. ફોરવર્ડીંગ લેટર તથા એફ.એસ.એલ.નો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ રીપોર્ટ મેળવી કામમાં સામેલ રાખેલ, તેમજ આંક –૬૫ તથા ૬૬થી એફ.આઈ.આર. તથા સ્ટે.ડાયરીના ઉતારા ની નકલ મેળવી કામમાં સામેલ રાખેલ તેમ જણાવેલ છે, તેમજ તા.૦૨–૧૧–૨૦૨૦ના રોજ તેઓએ ભોગ બનનાર 'એફ' મનોજ ભાઈનું તથા સાહેદ જીવાભાઈ કાનાભાઈ રાવલીયા નિવેદન લીધેલ હોવાનું જણાવેલ છે અને સદર નિવેદનોના કથનોને પોતાની જુબાનીમાં સમર્થન આપેલ છે. વધુમાં તેઓએ તેમની તપાસ દરમ્યાન તા.૨૯–૧૦ –૨૦૨૦ના રોજ સાહેદ નાગજી ઉર્ફે જીવાભાઈ મુકેશભાઈ રાવલીયા, ચંદ્રીકાબેન

નાગજી તથા મુકેશભાઈ નિવેદન લીધેલ નિવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા લાયક પુરાવો ખુલતા તેઓએ તા.૨૫–૧૧–૨૦૨૦ના રોજ આરોપીઓ વિરૂધ્ધ નામદાર પોકસો કોર્ટમાં આઈ.પી.સી. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), પોકસો એકટની કલમ–૪,૮,૧૭ તથા એટ્રો. એકટની કલમ–૩(૨)(૫) મુજબ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી તેઓએ અદાલત સમક્ષ આરોપીઓ તથા આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે.

સદર તપાસ કરનાર અમલદારની બચાવ પક્ષ તરફેની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ હતો. આમ, આ સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

આમ, સદર પોલીસ સાહેદો કે જેઓએ હાલના ગુન્હાના કામે પંચનામા કરી, સાહેદોના નિવેદન નોંધી, આરોપીઓને અટક કરી તેમજ અન્ય પુરાવા એકત્રીત કરી, તપાસના અંતે ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે, પરંતુ સદર કામે તપાસવામાં આવેલા ભોગ બનનાર સાહેદ તથા તેણીના માતા–ફરીયાદી તથા નાના ધ્વારા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપવામાં આવેલ ન હોય, તેઓના પુરાવાની કરેલ ઉપરોકત ચર્ચા મુજબ હાલના આરોપીઓએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે રેકર્ડ પર આવતું ન હોય, જેથી સદર પોલીસ સાહેદોનો પુરાવો ફોર્મલ પુરાવો રહેલ છે.

(૧૫) આરોપી તરફે સંમતીથી આંક–૩૬થી આંક–૬૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે. પરંતુ, ખુદ ભોગ બનનાર, ફરીયાદી તથા સાહેદોએ તેઓના પુરાવામાં હાલના બન્ને આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય, જેથી સદર આંકે પડેલ દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૬) આમ, ઉપરોકત રજુ તપાસવામાં આવેલ ભોગ બનનાર સાહેદ 'એફ' D/o. મનોજભાઈ કાથડ તેમજ તેણીના માતા–ફરીયાદી શિલ્પાબેન તથા નાનાજી–સાહેદ જીવાભાઈ કાનાભાઈ કાથડના મૌખિક પુરાવાથી હાલના આરોપી ઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય અને સદર સાહેદો તથા ખુદ ભોગ બનનાર જ ફરીયાદ પક્ષ તરફે ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ ફરીયાદીની ભોગ બનનાર સગીર દિકરીને આરોપીઓ ઘ્વારા લલચાવી–ફોસલાવી કે લાલચ આપી તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, કાયદા સાથે સંઘર્ષકમાં આવનાર કિશોર 'એસ' ઘ્વારા તેણી સાથે અવાર–નવાર શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ હોય, કે આ ગુન્હો કરવામાં હાલના આરોપીઓ ઘ્વારા કોઈ મદદગારી કરવામાં આવેલ હોય કે પ્રોત્સાહન આપવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, જેથી ફરીયાદ પક્ષના મહત્વ સાહેદોના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે તપાસવામાં આવેલ અન્ય પોલીસ સાહેદો તપાસ કરનાર અમલદારોના પુરાવાને પણ તપાસવામાં આવેલ સદર સાહેદો તથા ભોગ બનનારના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય, તેમજ મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે માત્ર દસ્તાવેજી પુરાવા તથા પોલીસ સાહેદોના મૌખિક પુરાવા ઉપર આધાર રાખી, આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં, જેથી ઉપરોકત તમામ હકીકતો જોતાં, આરોપીઓ શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે.

(૧૭) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ઘ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂઘ્ધ આંક–૧૬ના તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રનફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૮, ૧૭ તથા એટ્રોસીટી

એકટની કલમ–૩(૨)(૫) મુજબનો ગુનો આરોપીઓએ કરેલાનું નિ:શંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, આરોપીઓને શંકાનો લાભ આપવો ઉચિત જણાતો હોય, મુદ્દા નં.ર નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧) આ કામના આરોપીઓ (૧) રવિભાઈ નટવરલાલ ઉર્ફે નરેન્દ્રભાઈ મહેતા તથા (૨) રૂપાલીબેન ઉર્ફે રીધ્ધીબેન W/o. રવિભાઈ નટવરલાલ મહેતાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૮, ૧૭ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટીસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેકે રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ ગુન્હાના કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર 'એસ' વિરૂધ્ધનું ચાર્જશીટ નામદાર જુવેનાઈલ જસ્ટીશ બોર્ડ–જુનાગઢ સમક્ષ ફો.કે.નં.૮૩/૨૦૨૦ થી દાખલ થયેલ, જે કેસના ઓનલાઈન સ્ટેટસ મુજબ તા.૨૩–૧૧–૨૦૨૨ના રોજ જુવેનાઈલને નિર્દોષ ઠરાવી છોડી હુકવામાં આવેલ છે. જેથી આ ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકીના મોબાઈલ ફોન અંગે અગાઉ કોઈ હુકમ

કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે, અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો તેના મુળ માલીકની ખાતરી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, તથા આ કામે કબજે કરવામાં આવેલ અન્ય નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે અપીલ થયેલ ન હોય તો ચકાસણી કરી, નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪) હાલના કિસ્સામાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(એ) હેઠળ કે કેન્દ્ર સરકાર કે રાજય સરકારની કોઈપણ સ્કીમ અન્વયે ભોગ બનનારને વળતર ચુકવવા પાત્ર થતું નથી તેવું ઠરાવવામાં આવે છે, તેમજ જો તેવી કોઈ રકમ ચુકવાયેલ હોય તો તે રેવન્યુ રાહે પરત વસુલ મેળવવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૦૯ મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૦૯/૦૬/૨૦૨૬,

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
સ્પેશ્યલ જજ (પોકસો) અને
એડિશ્નલ સેશન્સ જજ,
કે શો દ
GJ 00576

NKM